ગાંધીનગર હવે વૈશ્વિક સ્તરે ઉભરશે

(પ્રકાશ જહા)
ગાંધીનગર, તા.૧

૩-૩ રાજકીય બળવાનું સાક્ષી ગાંધીનગર બન્યું છે. સત્તાના આરોહ, અવરોહની વાતો આ નગરજીવનની ચર્ચાનો હિસ્સો બની ચર્ચાઈ છે.

૫૭ વર્ષની આયુ ધરાવતું આ નગર આમ તો સરકારી નગર ના બની રહે તે માટેના ભરપૂર પ્રયાસો સરકારોએ કર્યા છે. આમ તો ૫૮ વર્ષે એટલે રિટાયર્ડમેન્ટનું વર્ષ ગણાય અને ખરેખર આ નગર રિટાયર્ડમેન્ટના આ વર્ષમાં વિકાસના નામે નવારૂપ રંગ સાથે આગળ વધવા



3-3 રાજકીય બળવાના સાક્ષી બનેલ પાટનગરે રિટાયર્ડમેન્ટ વર્ષમાં વિકાસની કટિબધ્ધતા કેળવી

કટિબધ્ધ બન્યું છે.

૫૭ વર્ષના કાર્યકાળમાં નગરે ગુલાબઉદ્યાન ગુમાવ્યુ, ચ-૩નું એક જંગલ બનેલું આખેઆખુ ગાયબ થયુ, ફુલોની નગરી બનવાનું સ્વપ્ન પણ ચગદાઈ ગયુ, જુના બનેલા મકાનોને તોડી બહુમાળી બિલ્ડીંગએ સ્થાન લઈ શહેરનો ભૌગોલિક આકાર બદલવાનું પણ મન બનાવ્યુ છે. આ નગરે તેનો ગ્રીનસીટીનો દરજ્જો ગુમાવ્યો પણ સૌથી મોટી ગ્રીન પાર્ક સ્વર્ણિમ પાર્ક મેળવ્યો છે.

ગાંધીનગરમાં આમ તો આ ૫૭ વર્ષમાં અનેક વિવાદો થયા, પાણીના મીટર માટેનું આંદોલન થયુ તો મહેસુલી નગર તરીકેની ઓળખ માટેનો કાનૂની વિવાદનું પણ આ નગર સાક્ષી રહયું છે. અહીં સહકારી પ્રવૃત્તિ પણ સારી એવી વિકસી છે. ટોળે વળી આનંદ વહેંચાતો લુપ્ત થયો છે તો સેકટરોની ઈ-કવાયરી કચેરીની ભીંતો પર દર્શાવાતા ચલચિત્રોએ હવે બાળપણની વાતો બની ગઈ છે.

આ નગરે પાંચ-પાંચ સદસ્ય નિવાસ જોયા તો બે-બે સચિવાલય સંકુલ પણ જોયા, આ નગરના પ્રવેશદ્વારે અને નગરના છેવાડે ઉદ્યાનો બાલોદ્યાન તો ફનવર્લ્ડ પણ જોયા, નગરના વિકાસમાં હવે રોડ એન્જીનીયરીંગમાં બદલાવ જોવા મળી રહયો છે. નગરમાં ત્રણ-ત્રણ અંડરપાસ અને ત્રણ-ત્રણ વખત નિર્માણ પામેલ રેલ્વે સ્ટેશન એટલું જ નહીં હવે રેલ્વે પ્લેટફોર્મ ઉપર સેવન સ્ટાર હોટલ પણ જોઈ આ બાદ હવે બે વર્ષમાં આ નગરમાં એલીવેટેડ કોરીડોરમાં દોડતી મેટ્રો ટ્રેન પણ જોવા મળશે.

ગાંધીનગર એટલે સતત વિચારો અને ફાઈલોમાં અટવાયેલું રહેતું નગર, વાઈ-ફાઈ સીટી જ નહીં સ્માર્ટ સીટી બની ઉભરી રહયું છે. ભુવાઓ કદાચ સોનાની થાળીમાં લોઢાની મેખ હોઈ શકે, સીટી સ્કવેરનું પણ સ્માર્ટ સીટીમાં સુરસુરિયું થઈ ગયું.

એક તબક્કે સાયન્સ કોલેજનો બોટોનિકલ ગાર્ડન વિજ્ઞાનપ્રેમીઓનું આકર્ષણ હતું તો સેકટરોના ઉદ્યાનો એ નગરને ઉદ્યાન સીટી તરીકેની ઓળખ પણ આપી હતી.

ભુગર્ભ જળ રીચાર્જ માટે સંત સરોવરનું બે વખત નિર્માણ પરંતુ આ વર્ષે હજુ આ સરોવરમાં પાણી નહી આવ્યું. ૫૭ વર્ષની આયુમાં તેની હદમાં વધારો થયો અને વિકાસના માપદંડમાં પાછી થોડીક પીછેહઠ થઈ છે પણ એ તો સમય આવે બધુ ઠીક થઈ જશે.

૧૯૬૯-૭૦માં પહેલું રાજકીય અધિવેશન થયું

ગાંધીનગર શહેરમાં ૧૯૬૯-૭૦માં ઘ-દના સે-૨૨ તરફના ખુણે પહેલું રાજકીય અધિવેશન યોજાયું હતું.

વિશેષ અહેવાલ

આ નગરની ઓળખ સર્કલ નગર તરીકે થતી હતી અને સર્કલોના પણ રિનોવેશન થયા ચ-પનો ફુવારો કે ઘ-૪ાનું સર્કલ વિકસ્યુ હતું હવે જુદાજુદા કામો સાથે આ સર્કલ વિકસ્યા છે ૫૦થી વધુ નામો આ સર્કલોને અપાયા છે.

સોલાર સીટીની ઓળખ પામતા પામતાં નગરના સીમાડે આવેલું થર્મલ પાવર સ્ટેશન હવે છ મહિના જેવું ઉત્પાદન કરે અને છ મહિના બંધ રહે છે.

મોરારજીભાઈ અને બા.જ.પટેલ મકાન જોવા ગયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં જયારે સે-૨૨માં કર્મચારીઓના આવાસ બની રહયા હતા ત્યારે મોરારજીભાઈ દેસાઈ તત્કાલિન માર્ગ અને મકાન મંત્રી બાબુભાઈ પટેલ અને અધિકારીઓએ જ-ટાઈપ અને છ-ટાઈપના મકાનોનું નિરિક્ષણ કરી અપાનારી સુવિધાઓની સમીક્ષા કરી હતી.

પી.પી.પી.મોડેલનો પ્રારંભ પ્રથમવાર પાટનગરમાં અમલી બન્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના નિર્માણ માટે મહારાષ્ટ્ર સરકારે નાણાંકીય સહાય આપી હતી અને તેના નિર્માણમાં ૩૦ સેકટર બનાવવાનો નિર્ણય સરકારે કર્યો હતો. ૧૫ સેકટરોના નિર્માણ પછી આ સહાયની રકમ પૂર્ણ થતાં તેના વિકાસ માટે કર્મચારીઓને રાહતદરે પ્લોટ આપવામાં આવ્યા હતા. ધારાસભ્યો અને સાંસદોને પણ પ્લોટ અપાયા હતા. આપ પી.પી.પી. મોડેલ પર પ્રથમવાર ગાંધીનગરના વિકાસનો પ્રારંભ થયો હતો. આ પછી શહેરના સર્કલોના ડેવલપમેન્ટ માટે ઉદ્યોગગૃહો જોડાયા હતા. શહેરનો વિકાસ તબક્કાવાર થયો છે.

ગાંધીનગર તવારીખમાં

- ૧૬/૩/૬૦ના રોજ ગાંધીનગરના નામની ઘોષણા થઈ હતી
- ૨/૮/૬૫ના રોજ ગાંધીનગરના નિર્માણની પ્રથમ ઈંટ મુકાઈ હતી.
- ૨૩/૧૨/૬૯ના રોજ નિર્માણાધીન પાટનગરનું નામ ગાંધીનગર રહેશે તેવી જાહેરાત થઈ હતી.
- ૩૦/૭/૭૦ના રોજ અમદાવાદથી ગાંધીનગર પાટનગર ખસેડવામાં આવ્યુ અને નોટીફાઈડ એરિયા જાહેર કરી કચેરી કાર્યરત કરવામાં આવી.
- ૧૬/૩/૨૦૧૦-ગાંધીનગરને મનપાનો દરજ્જો આપવાની જાહેરાત તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી
- ૧/૫/૨૦૧૦ના રોજ મનપાનો પ્રારંભ થયો હતો.

વિધાનસભા સાથે હવે "વિદ્યાના ધામ"માં પરિવર્તિત થયેલું પાટનગર ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગરની સ્થાપના સમયે એક પણ યુનિવર્સિટીનું આયોજન કરાયું નહોતું :અત્યારે અહી ૧૯ યુનિવર્સિટીઓ સાથે કેજીથી માંડીને પીજી અને પીએચડી સુધીનું ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ

(સમીર રામી)
ગાંધીનગર તા.૦૧

ગાંધીનગર આમ તો ગુજરાતનું રાજકીય પાટનગર છે એટલે સ્વાભાવિક રીતે જ અંહી વિધાનસભા ગૃહ છે, રાજભવન છે, મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓના કાર્યાલય સ્વર્ણિમ સંકુલ છે અને આ શહેર આપોઆપ વસેલું શેર નથી બલ્કે વસાવયેલું શહેર છે તેથી અંહી સરકારના ઉચ્ચ અધિકારીઓથી માંડીને વર્ગ-૪ સુધીના કર્મચારીઓનો સૌથી મોટો વર્ગ વસવાટ કરે છે જેમને સરકાર દ્વારા આવાસની સુવિધા એક યા બીજા પ્રકારે પૂરી પાડવામાં આવી છે અથવા તો ત માટે મદદ કરવામાં આવી છે. વર્ષ ૧૯૬૫માં ગાંધીનગરની સ્થાપના કરવામાં આવી ત્યારે આ શહેર માત્ર "કર્મચારી કોલોની" કે તેનાથી વધીને "કર્મચારીનગર" બનીને રહી જશે તેવી જ સૌએ ધારણા બંધીઓ હતી પરંતુ આજે નવીન આકર્ષક વિધાનસભા ગૃહની ઈમારતથી શોભતું આ શહેર વિદ્યાસભાનું શહેર બની જવા પામ્યું છે. અંહી કેજીથી માંડીને પીજી જ નહીં પરંતુ પીએચડી સુધીનું દરેક ક્ષેત્રનું શિક્ષણ આપતી અસંખ્ય શાળા-કોલેજો-યુનિવર્સિટીઓ આ દેશના ભાવિનું ઘડતર કરવામાં યોગદાન આપી રહી છે.

ગાંધીનગરમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સાથે ઉચ્ચ શિક્ષણની ગુણવત્તાની સુવાસ એટલી ચારેકોર પ્રસારવા પામી છે કે આ શહેરમાં માત્ર જિલ્લા કે રાજયભરમથી નહીં પરંતુ દેશના વિવિધ રાજયો અને વિશ્વના અનેક દેશોના વિદ્યાર્થીઓએ પણ અંહી શિક્ષણ પ્રાપ્ત કરતાં જોવા મળી રહ્યા છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ જણાવે છે કે "જ્યારે ગાંધીનગરનું આયોજન કરવામાં આવ્યું ત્યારે અંહી એક પણ યુનિવર્સિટીનું આયોજન નહોતું". પાટનગરની સ્થાપનાના ૫૬ વર્ષે આ શહેર આખા રાજયમાં સૌથી વધુ મહાવિદ્યાલયો એટલે કે ૧૯ યુનિવર્સિટીઓ ધરાવતું શહેર બની ચૂક્યું છે. ગાંધીનગરમાં રાજયના આજે કોઈ પણ શહેર કરતાં સૌથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. એક અંદાજ મુજબ ગાંધીનગરમાં ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ વિવિધ શાળાઓ-કોલેજોમાં અભ્યાસ કરી રહ્યા છે જેના કારણે મોટી સંખ્યામાં અંહી વસવાટ કરતાં વિદ્યાર્થીઓએ સાથે સાથે નજીકના અમદાવાદ, કડી-કલોલ, મહેસાણા, વિસનગર, દહેગામ કે હીમતનગર સુધીના સહિતના નાના-મોટા શહેરો અને ગ્રામ્ય

વિસ્તારોમાંથી શિક્ષણ મેળવવા વિદ્યાર્થીઓની સંખ્યા ગાંધીનગર જિલ્લા વેબસાઈટના આંકડા આશરે ૬૦૦ જેટલી ગાંધીનગર તાલુકામાં અને ગાંધીનગર કોર્પોરેશનની મુજબ ગાંધીનગર શાળાઓ, ૪૫ અને ૪૪ કોલેજો ગાંધીનગરમાં કડી અને ચોથરી શિક્ષણ શૈક્ષણિક સંકુલ વિવિધ શાળાઓ છે. ખાનગી શિક્ષણ રહ્યા છે અને નવીનની પણ ખૂલી રહી છે. હિન્દી અને અંગ્રેજી રાષ્ટ્રભાષા અને ભાષામાં શિક્ષણ ગાંધીનગરમાં આટલી બધી અને યુનિવર્સિટીઓ વાઈસ ચાન્સેલરસંથી અને પ્રધ્યાપકો-શિક્ષકો પણ મોટી છે, એટલું જ નહીં પરંતુ આસપાસના શહેરો અને ગ્રામ્ય વિસ્તારની શાળા-કોલેજોના આચાર્યો-શિક્ષકો પણ રોડ-રસ્તા-વીજળી-પાણી, બાગ-બગીચા-હોટેલ-રેસ્ટોરન્ટથી માંડીને બેંકો-કચેરીઓના સહિતની લગભગ તમામ આધુનિક સુખ-સુવિધા ઉપલબ્ધ હોવા સાથે વનરાજી આચ્છાદિત પ્રકૃતિમય શહેર હોવાથી અપડાઉન કરીને અહી રહેવાનુ પસંદ કરે છે જેના કારણે દરરોજ અપડાઉન કરીને આવતા પણ ખૂબ જ મોટી છે. વહીવટી તંત્રની મુજબ જિલ્લામાં શાળાઓ છે જે પૈકી ૧૫૫ શાળાઓ છે મ્યુનિસિપલ વેબસાઈટના આંકડા શહેરમાં ૩૭સરકારી ખાનગી શાળાઓ આવેલી છે. સર્વ વિદ્યા મંડળ સંકુલ જેવા બે મોટા આવેલા છે જેમાં શહેરમાં કેટલાક સંકુલો પણ વિકસી ખાનગી શાળાઓ અંહી ગુજરાતી, એમ માતૃભાષા, આંતરરાષ્ટ્રીય આપતી શાળાઓ છે. સ્વાભાવિક છે કે શાળાઓ-કોલેજો હોવાને કારણે અંહી માંડીને આચાર્યો અધ્યાપકો ઉપરાંત સંખ્યામાં વસવાટ કરે છે.

ગાંધીનગરની યુનિવર્સિટીઓ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી
ઈંડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી
ધીરુભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન ટેક્નોલોજી
પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી
ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી
કડી સર્વ વિશ્વ વિદ્યાલય
રક્ષાશક્તિ યુનિવર્સિટી
કામધેનુ યુનિવર્સિટી
ઈંડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન
ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી
સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત
ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી
ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડ્વાન્સ રિસર્ચ
સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી
સ્વર્ણિમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી
કર્ણાવતી યુનિવર્સિટી
એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેંટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંડિયા - ઈડીઆઈ
ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેંટ

રાજ્યમાં સૌથી વધુ અને વિવિધ પ્રકારનું શિક્ષણ આપતી યુનિવર્સિટીઓ એકલા ગાંધીનગરમાં

ગાંધીનગર એક એવું શહેર છે જ્યાં એક, બે કે ત્રણ નહીં પરંતુ ૧૯ યુનિવર્સિટી આવેલી છે અને દરેક યુનિવર્સિટી તેને સંલગ્ન સંસ્થાઓ-કોલેજો પાંચથી માંડીને બે આંકડામાં ધરાવે છે. અંહી માત્ર આર્ટ્સ, કોમર્સ કે સાયન્સનો અભ્યાસ કરાવતી યુનિવર્સિટી નથી પરંતુ અંહી આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી બનેલી અને તાજેતરમાં જ રાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત મેળવનાર નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી છે તો પેટ્રોલિયમ અને એનર્જી ક્ષેત્રે નામના ધરાવતી પીડીઈયુ છે, અંહી આઈટી ક્ષેત્રે દેશની અગ્રેસર ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ છે તો અંહી કાયદાનું શિક્ષણ આપતી લો યુનિવર્સિટી છે, અંહી ફેશન ડિઝાઈન ક્ષેત્રે નિષ્ણાતો તૈયાર કરતી સંસ્થાઓ છે તો અંહી ડિઝાસ્ટર, મેરિટાઈમ, કામધેનુ, રક્ષાશક્તિ, સ્પોર્ટ્સ અને સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન જેવી અલગ પ્રકારની યુનિવર્સિટીઓ છે તો શિક્ષકો તૈયાર કરતી ટીચર્સ યુનિવર્સિટી પણ છે અને બાળકને ગર્ભસ્થ અવસ્થાથી શિક્ષિત કરીને રાષ્ટ્રને પ્રતિભાશાળી વીરલાઓથી તેજસ્વી કરવા પ્રયત્નશીલ વિશ્વની એકમાત્ર અનોખી યુનિવર્સિટી છે. એટલું જ નહીં પરંતુ અંહી દેશમાં ટેક્નોલોજી ક્ષેત્રે પ્રખ્યાત ઈંડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી – આઈઆઈટી પણ છે. અંહી જાહેર આરોગ્ય ક્ષેત્રે શિક્ષણ આપતી સંસ્થા પણ છે એને અંહી આધુનિક સંશોધન માટે કાર્યરત ઉચ્ચ શિક્ષણ પણ ઉપલબ્ધ છે.

સવારે ગાંધીનગર તરફ આવતા વિદ્યાર્થીઓ-કર્મચારીઓની જેમ અંહીથી નોકરી કરવા જતાં આચાર્યો-શિક્ષકો પણ મોટી સંખ્યામાં જોવા મળે છે. ગાંધીનગરમાં છેલ્લા કેટલાક વર્ષોમાં એકાએક થયેલા વસ્તી વિસ્ફોટ પાછળ એક કારણ એ પણ છે કે અસંખ્ય પરિવારો તો માત્ર પોતાના સંતાનોને સારી ગુણવત્તાવાળું શિક્ષણ મળે તે માટે અંહી આવીને વસ્યા છે અને આવા પરિવારોની સંખ્યા પણ દિન-પ્રતિદિન વધી રહી છે.

એક જમાનામાં વિશ્વનુ સૌથી હરિયાળુ ગાંધીનગર વિકાસની આડમાં વેરાન બન્યુ...

(ધનંજય જોષી)
ગાંધીનગર તા ૧

ગાંધીનગર એક જમાનામાં ૪.૬૦ કરોડ વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલુ હતુ. સમય જતા સેકટરોમાં વધતી વસતી અને વિકાસના બદલાતા આયામો વચ્ચે શહેરમાં વૃક્ષોની કટોતીનુ પ્રમાણ વધતા વિશ્વનુ હરિયાળુ શહેર આજે ગ્રીન સીટીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. અલબત્ત હરિયાળીના મામલે ગાંધીનગર ગરીબ ગાય બની ગયુ છે. અને હવે તો સ્માર્ટ બનવાનુ ભુત સવાર થયુ ત્યારથી સેકટરે સેકટરે વૃક્ષો ધુણવાનુ શરૂ કરી દેવાયુ છે. હરિયાળી નિખારતા અને આંખોને ઠંડક આપતા વૃક્ષોની આડેધડ કટોતી થઈ રહી છે. હરિયાળીનો બિન્દાસ્ત રીતે સોથ વળી રહ્યો છે. અનેકવિધ વિકાસ કામો વચ્ચે હાઈટેક બનતુ ગાંધીનગર સ્માર્ટ જયારે બનશે ત્યારે પરંતુ લુપ્ત થતી હરિયાળી વચ્ચે બિહામણુ જરૂર બની રહ્યુ છે. છેલ્લા એક દાયકાથી શહેરમાં વૃક્ષોની ગણતરી થઈ નથી જયારે અગાઉની વૃક્ષ ગણતરી મુજબ શહેરમાં ૯૬૨૮૫૦ વૃક્ષો અસ્તિત્વમાં હતા જો કે આ પૈકી ઘણાં વૃક્ષોની વિકાસ યજ્ઞમાં આહુતિ આપી દેવામાં આવી છે. ત્યારે શહેરના ૫૮ માં સ્થાપના દિવસે પ્રત્યેક નગરજનો અને નગરની સામાજિક સાંસ્કૃતિક તેમજ સેવાભાવી સંસ્થાઓએ વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા અને હરિયાળીના જતન માટે જાગૃત થઈ વૃક્ષારોપણમાં લાગી જવા માટે સંકલ્પબધ્ધ થવાનો સમય પાકી ગયો છે.

સ્માર્ટ સીટીની આગવી ઓળખ મેળવવા આગળ વધતા ગાંધીનગરની ગ્રીન સીટી તરીકેની પહેચાન હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. હાઈટેક વિકાસની લ્હાયમાં હરિયાળીનુ નિકંદન વળતા પ્રકૃતિ પ્રેમીઓમાં પણ નારજગી વ્યાપી છે. વિકાસના અનેકવિધ પ્રોજેક્ટો વચ્ચે નગરને લીલુછમ રાખવાનો અભિગમ પણ ઓસરાઈ ગયો છે. નતનવા કામો શરૂ કરતાની સાથે જ સેંકડો વૃક્ષોનો ભોગ લેવાય છે. વિકાસના નવા આયમો હાંસલ કરવા હરિયાળીનો સોથ વળી રહ્યો છે. એક સમયે સમગ્ર વિશ્વમાં ગ્રીન સીટી તરીકે આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરે હરિયાળીનુ બિરુદ ગુમાવ્યુ છે. અઢી દાયકાથી વધુ સમય પહેલા ગાંધીનગરમાં ૪ કરોડ ૬૦ લાખથી પણ વધુ વૃક્ષોનુ અસ્તિત્વ હતુ જયારે સમય જતા સેકટરોમાં વધતી વસતીની સાથે વિકાસના માથે ચઢવાની સાથે પર્યાવરણ માટે ખતરારૂપ પરિબળોની આડઅસરથી શહેરમાં સતત વૃક્ષોની સંખ્યા ઘટતી ગઈ છે. છેલ્લા બે દાયકામાં શહેરમાં સંખ્યાબંધ વૃક્ષોની કટોતી થઈ છે. જિલ્લામાં અલબત ગ્રામ્ય વિસ્તારમાં હરિયાળી નિખારતા આ વૃક્ષોમાં ઈમારતી, ફળાઉ, લીમડો, નિલગીરી, આસોપાલવ, ખીજડો, પેલ્ટોફોર્મ, કાસીદ, શીરસ, દેશી બાવળ, ખાદી આંબલી, ગરમાળો, તેમજ અન્ય હરિયાળી નિખારતા વૃક્ષોનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં થયેલી વૃક્ષ ગણતરીના અંતે શહેર સિવાયના વિસ્તારમાં કુલ ૧૨૮૦૩૦૬૫ વૃક્ષો હોવાનુ પ્રકાશમાં આવ્યુ હતુ જયારે ગાંધીનગર શહેરમાં છેલ્લે વર્ષ ૨૦૧૩ દરમિયાન વક્ષોની ગણતરી કરવામાં આવી હતી જે મુજબ ૯૬૨૮૫૦ વૃક્ષો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જો કે શહેરમાં છેલ્લા એક દાયકાથી વૃક્ષોની ગણતરી હાથ ધરવામાં આવી નથી. જો કે છેલ્લા એક થી દોઢ દાયકા દરમિયાન ગાંધીનગર શહેરની સાથે જિલ્લામાં પણ વિકાસના અનેક પ્રોજેક્ટ પાછળ હરિયાળીની આહુતિ આપવામાં આવી છે. શહેરમાં માર્ગ વાઈડનીંગ, ઉપરાંત હાલ સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે પણ સંખ્યાબંધ વૃક્ષોનો ભોગ લેવાશે સેકટરોમાં પાણીની નવી લાઈન નાંખવા માટે પણ હજારો વૃક્ષોની કટોતી કરાશે જેમાં નાના રોપાઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત સેકટરોમાં ગટર લાઈનનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં અંદાજિત ૧૬ હેકટર વિસ્તારમાં પણ વૃક્ષોનુ માર્કીંગ કરી સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે. જેના અંતે આ યોજના અન્વયે પણ વૃક્ષોની કટોતી અંગે તાગ મળશે. સેકટરોમાં માર્ગનો વાઈડનીંગ અને રીંગરોડ તેમજ એપ્રોચ માર્ગને પહોળા કરવા માટે પણ ૩૦૦ થી વધુ વૃક્ષોનુ માર્કીંગ કરાયુ છે. અલબત્ત હરિયાળીના ભોગે થતા વિકાસના લીધે ગ્રીન સીટી હવે સર્ટતર બેરન સીટી બનવા તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યુ છે. પાણી અને ગટરની નવી લાઈન નાંખવા ઉપરાંત ડામર રસ્તાઓનુ નેટવર્ક વિસ્તરી રહ્યુ છે. એ પણ હરિયાળીના ભોગે ત્યારે સ્થાનિક પ્રકૃતિ પ્રેમીઓ વિકાસના આ આંધળા વળગણ સામે નારાજગી પણ વ્યકત કરી રહ્યા છે. અગાઉ પણ પંચામૃત ભવનના પ્રોજેક્ટ સામે વિરોધ પ્રદર્શિત કરી સેંકડો વૃક્ષોની કટોતીની આડે ઉભા રહેવાનુ ઉમદા કામ પણ સ્થાનિક પ્રકૃતિ પ્રેમીઓએ કર્યુ હતુ. જો કે હાલ હાઈટેક બનતા નગરમાં હવે હરિયાળી નિખારવા માટે ખુલ્લી જગ્યા પણ શોધવી પડે તેમ છે. વન આરક્ષિત વિસ્તાર પણ ક્રંગાળ બની ગયો છે. આ સ્થિતિ વચ્ચે ટ્રી પ્લાન્ટેશનની યોજનાને પણ નહીવત સફળતા મળે છે. ત્યારે શહેરના ૫૮ માં જન્મદિવસે સેકટરવાસીઓ પણ હરિયાળીનુ જતન અને રક્ષણ કરવાની સાથે નવા રોપાઓની વાવણી કરી નગરને ફરી ગ્રીન સીટી બનાવવા માટે સંકલ્પ લે તે અનિવાર્ય છે.

એક સમયે ગાંધીનગર ૪.૬૦ કરોડ વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલુ સૌથી હરિયાળા શહેર હતુ : એક દાયકા પુર્વેની વૃક્ષ ગણતરી મુજબ ૯૬૨૮૫૦ વૃક્ષો હતા : અનેકવિધ વિકાસ કામો સાથે હાઇટેક બનતા ગાંધીનગરમાં વર્ષ દરમિયાન સેંકડો વૃક્ષોની કટોતી થઇ રહી છે : હરિયાળીનો સોથ વળતા પ્રકૃતિ પ્રેમીઓમાં પણ ઘોર નારાજગી વ્યાપી : એક પણ કામ વૃક્ષોની કટોતી વિના આગળ વધતુ નથી ત્યારે નગરના ૫૮માં સ્થાપના દિવસે નગરની સામાજિક , સાંસ્કૃતિક અને સેવાભાવી સંસ્થાઓ સહીત પ્રત્યેક સેકટરવાસી હરિયાળીના જતન અને રક્ષણ માટે જાગૃત બને તે અનિવાર્ય